ક-૭ થી ઉનાવા માર્ગના રીસરફેસીંગનુ કામ શરૂ

ગાંધીનગર સમાચાર

# આગામી સપ્તાહે રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી ગુજરાતની મુલાકાતે




## રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી પ્રિ સમિટ માટે ૨૨ ઓકટોબરે ગાંધીનગર આવશે અધિકારીઓમાં બેઠકોનો દોર શરૂ : પ્રધાનમંત્રી પણ વડોદરા કાર્યક્રમમાં હાજરી આપશે

ગાંધીનગર તા ૧૫

રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી આગામી તા ૨૨ અને ૨૩ ઓકટોબરે ગાંધીનગરની મુલાકાતે આવશે. રાષ્ટ્રપતિની મુલાકાતને અનુલક્ષી તંત્ર તૈયારીમાં લાગી ગયુ છે. જિલ્લા વહીવટી તંત્રમાં બેઠકનો દૌર શરૂ થઇ ગયો છે. આજે પણ કલેકટર કચેરીમાં અધિકારીઓની બેઠક મળી હતી. પ્રિ સમિટને અનુલક્ષી રાષ્ટ્રપતિન ગાંધીનગર આવશે. જયારે પ્રધાનમંત્રી પણ આગામી તા ૨૨ ઓકટોબરના રોજ બરોડા એક કાર્યક્રમમાં હાજરી

● અનુસંધાન પાન-૭ પર

## ક-૭ થી ઉનાવા માર્ગના રીસરફેસીંગનુ કામ શરૂ

### માર્ગ સુધારણા પાછળ રૂ ૧ કરોડનો ખર્ચ થશે

ગાંધીનગર તા ૧૫

ચોમાસુ પુર્ણ થયા બાદ હવે તંત્ર દ્વારા રસ્તાના કામો શરૂ કરી દેવાયા છે. શહેરી વિસ્તારમાં પણ તબક્કાવાર રસ્તાના કામો હાથ ધરાશે. જયારે જિલ્લામાં પણ વિવિધ રસ્તાના કામોનુ આયાજન કરવામાં આવી રહયુ છે. છેલ્લા ઘણાં સમયથી ક -૭ થી ઉનાવા તરફ જવાનો માર્ગ બદતર હાલતમાં છે.જેના લીધે વાહનચાલકોને પણ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. આવા સંજોગોમાં તંત્ર દ્વારા આ માર્ગને રીસરફેસીંગ કરવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. આ કામગીરી પાછળ રૂ ૧ કરોડનો ખર્ચ થશે.

વરસાદી દિવસોના અંતે હવે શહેરમાં માર્ગોના કામોને અગ્રતા આપવામાં આવશે સેકટરોમા પણ માર્ગ નવિનીકરણના કામો હાથ ધરવામાં આવશે. શહેરના સેકટરોમાં પણ આંતરિક માર્ગોનુ કામ હાથ ધરાશે. જયારે જિલ્લાના વિવિધ માર્ગોને પણ મંજુરી અપાતા કામો શરૂ કરી દેવાયા છે. આગામી દિવસોમાં કોબા હાંસોલ માર્ગનુ પણ નવિનીકરણ

● અનુસંધાન પાન-૭ પર













Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com